# મહીસાગર પંથકનુ દહેવાણ ધર્મસ્થાનોથી ઝળહળતું અનોખું ગામ
















બોરસદ તાલુકાનું દહેવાણ ગામ પ્રાચીન ઐતિહાસિક વારસા સાથે ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ આગવું સ્થાન ધરાવે છે. મહીસાગર નદીના પવિત્ર કિનારે વસેલું આ ગામ વર્ષોથી વિવિધ દેવી-દેવતાઓ, સંતો અને પીર પ્રત્યેની શ્રદ્ધાને પોતાના હૃદયમાં સાચવી રહ્યું છે. ગામમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળો દહેવાણની સાંસ્કૃતિક એકતા અને સર્વધર્મ સમભાવની ભાવનાને ઉજાગર કરે છે. દહેવાણની ધાર્મિક ઓળખમાં મહીસાગર માતાનું પ્રાચીન મંદિર વિશેષ મહત્વ ધરાવે છે. મહીસાગર નદીના કિનારે આવેલું આ મંદિર વર્ષોથી સ્થાનિક શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે. સમયના પ્રવાહ સાથે મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય કરવામાં આવ્યું છે, મહીસાગર માતાના દર્શને આવતા શ્રદ્ધાળુઓ નદીના પવિત્ર કિનારે પૂજા-અર્ચના કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે. દહેવાણ ગામની ખાડી પાસે આવેલું ખોડિયાર માતાનું નવનિર્મિત મંદિર પણ ભક્તિનું આકર્ષણ બની રહ્યું છે. માતાજીના દર્શન માટે આસપાસના ગામોમાંથી પણ શ્રદ્ધાળુઓ આવે છે. દહેવાણમાં દયાળજી મહારાજનું મંદિર પણ શ્રદ્ધાનું મહત્વનું કેન્દ્ર છે. સંત પરંપરા પ્રત્યેની આસ્થા અહીંના ધાર્મિક જીવનની વિશેષતા છે. આ ઉપરાંત શ્રી જલારામ મંદિરમાં જલારામ બાપાની સેવાભાવી પરંપરા સાથે જોડાયેલા ભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શન કરે છે. દહેવાણમાં હાજી પીર અને નવગજાપીરના સ્થાનકો પણ લોકોની આસ્થાના કેન્દ્રો છે. અહીં વિવિધ સમુદાયોના લોકો શ્રદ્ધા સાથે દર્શન-દુઆ કરતા જોવા મળે છે, જે ગામની સર્વધર્મ સમભાવની પરંપરાને ઉજાગર કરે છે. આ ઉપરાંત વેરાઈ માતાજીનું મંદિર તથા શ્રી કુમારેશ્વર મહાદેવનું મંદિર પણ ગામની ધાર્મિક ઓળખના અભિન્ન અંગ છે. મહાદેવ પ્રત્યેની શ્રદ્ધા ધરાવતા ભક્તો શ્રાવણ માસ સહિતના પવિત્ર દિવસોમાં અહીં પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવે છે. દહેવાણમાં આવેલું જૈન દેરાસર પણ ગામની ધાર્મિક વિવિધતામાં આગવું સ્થાન ધરાવે છે. જૈન ધર્મની અહિંસા, સંયમ અને શાંતિની ભાવનાનો સંદેશ આપતું આ દેરાસર આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવતું પવિત્ર સ્થળ છે.ગામની સામાજિક એકતા, પરંપરા અને સંસ્કૃતિના જીવંત કેન્દ્રો પણ છે. મહીસાગર માતાના પ્રાચીન ધામથી લઈને ખોડિયાર માતાના નવનિર્મિત મંદિર સુધી અને મહાદેવ, જલારામ, સર્વદેવ, માતાજી, પીર તથા જૈન દેરાસર સુધીની આસ્થા દહેવાણને ધાર્મિકતાથી છલોછલ રાખે છે.

# ગામમાં પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શૈક્ષણિક વ્યવસ્થા ઉપલબ્ધ










**શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી અનેક વિદ્યાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી ગામને ગૌરવવંતુબનાવ્યુંછે**

દહેવાણ ગામમાં શૈક્ષણિક સંસ્થા ખુબ જ નિષ્ઠાવાન અને પ્રેરણાત્મક રીતે કાર્યરત છે. સંસ્થાઓનો ઉદ્દેશ્ય બાળકોમાં સંસ્કારનું સિંચન અને ઉચ્ચ અભ્યાસ થકી કરી સમાજને ઉત્કૃષ્ઠ વ્યક્તિત્વ પ્રદાન કરવાનો છે. ગામમાં સ્કુલની સ્થાપના થઈ છે. જે હાલમાં પણ કાર્યરત છે. આજે આ સંસ્થા એક વટવૃક્ષ બની છે અને રાજ્ય કક્ષાએ ખ્યાતી મેળવી છે. મંડળ સંલગ્ન સંસ્થાઓના વિકાસ માટે તેમજ તેમની પ્રવૃતિઓને વેગ મળે તે માટે મંડળ સતત પ્રયત્નશીલ રહે છે. શૈક્ષણિક સંસ્થાઓનો દહેવાણ ગામ તેમજ આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓના લાભ મેળવે છે. શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે. . જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ 11-12 કાર્યરત છે. બંને શાળા જરુરી સુવિધાથી સજ્જ છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત વસ્તુત્વ હરિફાઇ, ધાર્મિક સ્પર્ધા, મહેંદી પ્રવચન, વર્ગ સુશોભન, નિબંધલેખન સ્પર્ધા, જોડણી સુધારણા ઝુંબેશ, રંગોળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, મહેંદી હરીફાઈ, તેમજ વૃક્ષારોપણ. સ્વતંત્રતા અને પ્રજાસતાક દિવસની ઉજવણી. સ્વચ્છતા અભિયાન, જન્માષ્ટમી મહોત્સવ, યોગ સાધના, ગૌરીવ્રતની ઉજવણી , શૈક્ષણિક પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. બાળકોને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહી તે માટે શાળામાં કોમ્પ્યુટર સેન્ટર પણ કાર્યરત છે, જેમાં અનુભવી શિક્ષકો દ્વારા કોમ્પ્યુટરનું શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવે છે.. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં માટે દર વર્ષે વાર્ષિક પરિણામ આધારિત ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવે છે. દહેવાણમાં ૧૧ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ નોંધાયેલી છે. તેમાં સ્થાનિક સંસ્થા સંચાલિત પ્રાથમિક શાળાઓ, ખાનગી શાળા તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાઓનો સમાવેશ થાય છે. મુખ્ય સંસ્થાઓમાં દહેવાણ પ્રાથમિક શાળા – પ્રાથમિક સાથે ઉચ્ચ પ્રાથમિક સ્તર સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેની સ્થાપના આઝાદી અગાઉ તા. ૨૮-૦૮-૧૮૬૨ના રોજ કરવામા આવી હતી. પરા વિસ્તારમાં અંબરાવપુરા પ્રાથમિક શાળા, સિધ્ધિમાતા પ્રાથમિક શાળા, ઝાકડીયાપુરા પ્રાથમિક શાળા, કાંચોરાપુરા પ્રાથમિક શાળા, ફતેહપુરા પ્રાથમિક શાળા રામનગર પ્રાથમિક શાળા, વિષ્ણુપુરા પ્રાથમિક શાળા, પાર્થ પ્રાથમિક શાળા શૈક્ષણિક સંસ્થા તરીકે કાર્યરત છે.

**દહેવાણની મહત્વની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સંસ્થા :** દહેવાણની શૈક્ષણિક વ્યવસ્થામાં ખાસ મહત્વ ધરાવતી સંસ્થા તરીકે H.G.N.D. Dehvanwala Saraswati Vidyalaya અને શ્રી ધીરસિંહજી છત્રસિંહજી પરમાર H.S. શિક્ષણ સંકુલનું નામ ઉચ્ચતર માધ્યમિક સ્તર માટે પણ નોંધાયેલું છે. દહેવાણ અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓને માધ્યમિક પછી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે ગામની બહાર જવાની જરૂરિયાત કેટલાક અંશે ઘટે છે.

# લોકપ્રતિનિધિઓએ ગામને સરકારી યોજનાઓ થકી પ્રાથમિક સુવિધાઓથી સજધજ કર્યું છે










ગામના વતની અને પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ સરપંચ પ્રવિણભાઇ પરમાર, પૂર્વ સરપંચ અને વર્તમાન જીલ્લા પંચાયત સભ્ય કૈલાશબેન પરમાર, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમાર, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય કિર્તિસિહ પરમાર વિસ્તારના વિકાસ માટે સતત ચિંતનથીલ અને કાર્યરત રહ્યા છે. જેમના દ્વાર રોડ, પાણી, લાઈટ, જમીનનું ધોવાણ અટકાવવા માટે, પાણીના સંગ્રહ માટે આડબંધ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ, વરસાદી પાણીના નિકાલ માટે કાંસ વગેરેનું કામ પૂર્ણ થયેલ છે. તેમજ ૧૦૦% ગ્રામ વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા, પરાના રસ્તાઓનું કામકાજ પૂર્ણ થયેલ છે. તેમજ ધોબીઘાટ, પીવાના પાણીની ટાંકી છે અને આર. ઓ. પ્લાન ટૂંક સમય માં કાર્યરત છે. ગામમાં પીવાના પાણીની સુવિધા માટે બોર ફીલ્ટર ટાંકી બનાવવામાં આવેલ છે. મહીસાગર નદી કિનારે મહીસાગર મંદિર પાસે સંરક્ષણ માટે આડબંધ બાંધવાનું કામ કરવામાં આવ્યું છે. ગામના રસ્તાઓ ગટર સાથે આર. સી.સી. ના બનાવવામાં આવેલ છે. કનકાપુરા તળાવથી નગોજી તળાવ સુધીના રોડ ઉપર ભરાઈ જતા પાણીના નિકાલ માટે અને દહેવાણ ગામ આગળ નાળા સામેથી પસાર થતા જાહેરમાર્ગના અકસ્માતથી બચવા રેલીંગ અને ફૂટપાથનું નિર્માણ કરેલ છે.

## ગ્રામ પંચાયતની ટીમ

સરપંચ કૈલાસબેન પ્રવિણસિંહ પરમાર, ડે.સરપંચ હિતેશભાઈ ગણપતસિંહ પરમાર, સભ્યો : સંગીતાબેન અમરસિંહ પરમાર, બાબુભાઈ લાલજીભાઈ જાદવ, પ્રવિણસિંહ નટવરસિંહ પરમાર, શારદાબેન નટુભાઈ પરમાર, નટવરસિંહ ભીખુભાઈ પરમાર, અજીતસિંહ ભાવસિંહ પરમાર, પ્રતાપસિંહ ગેમાનસિંહ પરમાર, હીરૂબેન જેશંગભાઈ રબારી, હંસાબેન અશ્વિનભાઈ પરમાર, આરતીબેન શૈલેન્દ્રકુમાર મકવાણા, વિમળાબેન પ્રવિણસિંહ પરમાર, જ્યોત્સનાબેન ગણપતસિંહ પરમાર, રાજુબેન રાજેન્દ્રસિંહ પરમાર.

# દૂધ મંડળી પશુપાલકોના આર્થિક ઉપાર્જન માટે મહત્વ પૂર્ણ સંસ્થા છે

બોરસદ તાલુકાના દહેવાણ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ૬૫ વર્ષથી ગામના પશુપાલકો અને ખેડૂતોના આર્થિક સશક્તિકરણમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ગ્રામ્ય અર્થતંત્રમાં ખેતીની સાથે પશુપાલન પણ આવકનું મહત્વનું સાધન હોવાથી દૂધ મંડળી ગામના અનેક પરિવારો માટે નિયમિત આવકનું આધારસ્થાન બની છે. દહેવાણના પશુપાલકો સવાર-સાંજ પોતાના દુધાળા પશુઓનું દૂધ મંડળીમાં જમા કરાવી તેની નિયમિત ચુકવણી મેળવે છે. દૂધ વેચાણથી મળતી આવક પરિવારના દૈનિક જીવનનિર્વાહ ઉપરાંત બાળકોના શિક્ષણ, આરોગ્ય ખર્ચ, સામાજિક પ્રસંગો તથા અન્ય ઘરગથ્થુ જરૂરિયાતો પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ સહાયરૂપ બને છે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વહીવટી કામગીરી માટે પાંચ વર્ષની મુદત માટે ૧૧ સભ્યોની વ્યવસ્થાપક કમિટી ચૂંટાઈ આવી છે. હાલમાં દુધ મંડળીના ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર જવાબદારી સંભાળે છે. કમિટી દ્વારા સંસ્થાનું વહીવટી સંચાલન તેમજ સભાસદોના હિતને લગતી કામગીરી કરવામાં આવી રહી છે. દહેવાણમાં ખેતી અને પશુપાલન એકબીજાના પૂરક વ્યવસાય તરીકે વિકસ્યા છે. ગામમાં ડાંગર અને ઘઉં સહિતના પાકોનું ઉત્પાદન થાય છે. સાથે સાથે દેશી ગાયો અને ભેંસોનું પાલન પણ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે.ખેતીમાંથી મળતા પાકના અવશેષો પશુઆહાર માટે ઉપયોગી બને છે, જ્યારે પશુપાલનમાંથી મળતી આવક ખેડૂતોને વધારાની અને નિયમિત આવક પૂરી પાડે છે. દહેવાણની દૂધ મંડળી અમૂલ ડેરી સાથે સંકળાયેલી સહકારી વ્યવસ્થાના માધ્યમથી પશુપાલકોને વિવિધ યોજનાઓ અને સુવિધાઓનો લાભ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દૂધના યોગ્ય સંગ્રહ અને વેચાણની વ્યવસ્થા સાથે પશુપાલકોના કલ્યાણને લગતી યોજનાઓનો લાભ પણ સભાસદોને મળે છે. ખાસ કરીને સામૂહિક અકસ્માત વીમા યોજના પશુપાલક પરિવારો માટે આર્થિક સુરક્ષાનું મહત્વનું માધ્યમ બની છે. દૂધ ભરતા સભાસદનું અકસ્માતજન્ય અવસાન થાય તેવા સંજોગોમાં તેમના વારસદારોને બે લાખ રૂપિયાથી વધુની વીમા સહાય મળતી હોવાથી પરિવારને મુશ્કેલીના સમયમાં આર્થિક ટેકો મળી રહે છે. છેલ્લા ૬૫ વર્ષથી કાર્યરત દહેવાણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ ગામના પશુપાલકોને સંગઠિત કરીને દૂધ ઉત્પાદનને વ્યવસ્થિત બજાર સાથે જોડવાનું મહત્વનું કાર્ય કર્યું છે. નિયમિત દૂધ આવક, સહકારી વ્યવસ્થા અને કલ્યાણકારી યોજનાઓના કારણે મંડળી ગ્રામ્ય પરિવારોની આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતાનું મહત્વનું કેન્દ્ર બની રહી છે. આ રીતે દહેવાણની દૂધ ઉત્પાદક સહકારી મંડળી માત્ર દૂધ એકત્ર કરવાની સંસ્થા ન રહેતાં સહકાર, સ્વરોજગાર, આર્થિક સશક્તિકરણ અને ગ્રામ્ય વિકાસની ૬૫ વર્ષની જીવંત પરંપરા જાળવી રહી છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)